રોનકે—ફરીદી.

83

ઉર્ફે

ભજન સંગ્રહ.

સંગ્રહ કરી પ્રસિદ્ધ કરનાર—

જમાદાર બચ્ચુમીયાં ભગત

ઉર્ફે હમીદખાં નજમખાં ગંડાપુરી.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—રાજગુરૂની પોળ—વડોદરા.

છાપનાર—મુલચંદ કસનદાસ કાપડિયા.

છાપવાનું ઠેકાણું—'જૈન વિજય' પ્રિન્ટીંગ પ્રેસ ખપાટીઆ ચકલા, તાસવાળાની પોળ, લક્ષ્મીનારાયણની વાડી—સુરત.

આવૃતી ૧ લી　　પ્રત ૧૦૦૦

ઈ. સ. ૧૯૧૫

કીં. રૂ. ૦—૨—૬

જાહેર ખબર.

ભજન સંગ્રહનું જેવી રીતે આ પુસ્તક બહાર છે તેવુંજ અભરામબાવા, પુંજાબાવા, રતનબાઇના કુલ ભજનોનું જુદુ જુદું પુસ્તક બહાર પાડવામાં આવેલ જેને જોઇતું હોય તેણે નીચેના સરનામે લખી મંગાવી

"પીર મોટામીયાં સાહેબના પરછા

[એક વેજીટેરીયન મહાત્માના ચમત્કાર.]

માંગરોલની પીરની ગાદી સ્થાપન કરનાર મહાત્મા મોટામીયા સાહેબ જેઓ આસરે બસો વરસ ઉપર ગયા છે તેમના પરછા—ચમત્કારોનું આ પુસ્તકમાં વા કરવામાં આવ્યું છે. વળી ત્યારથી તે આજ સુધીની મ રોલની ગાદીની હકીકત પણ આપવામાં આવી છે. કીં. રૂ. ૦-૩

મળવાનું ઠેકાણું.

માસ્તર કાસમભાઇ સુલેમાનભાઇ

અધીપતિ 'વનિતા વિનોદ'.

મુ૦ કડી (બરોડા સ્ટેટ).

બે બોલ.

આ પુસ્તકમાં જુદા જુદા જ્ઞાનીઓની વાણી આપવામાં આવી છે, તેમાંના ઉમરબાવા, નબીમીયાં, જીવણ મસ્તાન વિગેરે લોકોને માંગરોલની ગાદીવાળા પીરજાદાઓના વડીલ હજરત શાહ કાયમુદ્દીન (કાયમદીન) બાવા સાહેબ તરફની ન્યામત-પ્રસાદી મળેલી છે. પીર કાયમદીન બાવા સાહેબના મુખ્ય શિષ્ય અભરામબાવા હતા. તેઓ ભરૂચ તાલુકાના પરીએજ ગામના રહેવાશી હતા તેમણે હજરત શાહ કાયમુદીનબાવા સાહેબની ત્રીશ વરસ સુધી ખીજમત-સેવા કરી હતી, જેથી પીરના તરફથી તેમને એક મોટી પદ્વી મળી હતી. આ અભરામબાવાએ પીર સાહેબના હુકમથી પોતાના દીકરા ઉમરબાવા અને ખારવા જ્ઞાતીના ભગત પુંજા બાવાને રંગ્યા હતા. ઉમરબાવાને કેટલું જ્ઞાન હતું તે તેમની આ પુસ્તકમાંની વાણી જોવાથી જણાઈ આવશે.

આ પુસ્તકમાં પ્રથમ હઝરત બાવા ફરીદ સાહેબ શકરગંજ ચિશ્તીની જ્ઞાન-ચોસર આપવામાં આવી છે. હઝરત બાવા ફરીદ સાહેબ પીર કાયમદીનબાવા સાહેબના મોટા દાદા હતા, જેમણે સાતસો વરસ પહેલાં ચિશ્તીયા ગાદી પંજાબમાં પાકપટ્ટન શરીફમાં કાયમ કરી હતી. તેમને અજ-

મેરવાળા ખ્વાજા સાહેબ તરફથી હઝરત ખ્વાજા કુતબુદ્દીન સાહેબની મારફત ન્યામત મળી હતી તેમના દાદા હઝરત શોએબ સાહેબના લગ્ન સુલતાન મેહમુદ ગજનીની બ્હેન સાથે થયાં હતાં. બાવા ફરીદ સાહેબના વડીલો અસલમાં બલખ બુખારાના શહેનશાહ હતા, પણ દુનિયા બે દિવસની છે એમ જાણી તેમણે રાજપાટ મુકી માલીક તરફ ધ્યાન લગાડવા ફકીરી લીધી હતી. ત્યારથી તેમનું કુટુંબ ફકીરાની રસ્તા ઉપર વધારે ભાવ રાખે છે. બાવા ફરીદ સાહેબના એક લગ્ન દીલ્લીના બાદશાહ સુલતાન શમશુદ્દીન અલતમસના પુત્ર ગ્યાસુદ્દીનની દીકરી બીબી હુજીરાખાતુન બેગમ સાથે થયાં હતાં, પણ પોતે ફકીરાની રસ્તો છોડયો નહોતો. તેમના હજારો ખલીફા હતા. તેમાં દીલ્લીવાલા હઝરત નીજામુદ્દીન ઓલીયા તથા પીરાન કલીયરવાળા હઝરત અલ ઉદ્દીન અલી એહમદ સાબિર એ બે વધારે મોટા ગણાય છે. આ બે ખલીફાના પણ ઘણા મુરીદ હતા. હઝરત નસીરૂદ્દીન ચિરાગ દેહલવી, તથા મીર ખુસરૂ પણ આજ ખાનદાનના સેવક હતા. હઝરત નસીરૂદ્દીન ચિરાગ દેહલવીના મુખ્ય શિષ્ય હઝરત સૈયદ મોહંમદ બંદેનવાજ ગેસુદરાજ હતા. હઝરત બંદેનવાજ હઝરત નસીરૂદ્દીન ચિરાગ દેહલવીની પાલખી ઉપાડતા હતા અને ત્રીસ વરસ સુધી પાલખી ઉપાડીને ન્યામત મેળવી હતી. એટલે હઝરત બંદેનવાઝ, હઝરત બાવા ફરીદ સાહેબના ખલીફાના

મુરીદના મુરીદ હતા. તેમનો રોજો નીજામ હેદરાબાદના રાજ્યમાં ગુલબર્ગા નામના ગામમાં છે. તેમની ઓલાદના લોકો હાલ અમદાવાદમાં, કડીના કસબામાં તથા ત્યાં આસ-પાસના ગામોમાં છે.

હઝરત બાવા ફરીદ સાહેબ અડતાળીસ વરસ સુધી ખાધાપીધાની કાંઈ પણ પરવા રાખ્યા વગર ખુદાના પ્રેમમાં રહ્યા હતા. પોતે ફરમાવ્યું હતું કે મારી ઓલાદ હવે ભુખે મરશે નહીં. કારણ કે મેં અડતાળીસ વરસ સુધી ભુખ વેઠી છે તેથી તેમની ભુખ હું લઇ જાઉં છું તેમના વખતમાં જ્ઞાનનો પ્રસાર (પ્રચાર) ઘણો થયો હતો, જેમાં પંજાબને વધારે ભાગ મળ્યો હતો. શિખ લોકોના ગુરૂ મહાત્મા નાનકને પણ તેમના તરફથી જ્ઞાન-પ્રસાદ મળ્યો હતો. ગુરૂ નાનક બાવા ફરીદ સાહેબના પડદે થયા પછી પણ દર વરસે તેમનો ઉરસ કરવા પાકપટ્ટન જતા હતા. ઈસ્લામી ધામોની જાત્રા પણ તેમણે હઝરત બાવા ફરીદ સાહેબનો ઉપદેશ લઇને કરી હતી. બાવા ફરીદ સાહેબનો ઉરસ મોહરમની પાંચમી તારીખે થાય છે.

હઝરત બાવા ફરીદ સાહેબની ઓલાદમાં પીર બદરૂ-દીન મસ્તાન થયા હતા. તેઓ કડીમાં રહેતા હતા. તેઓ પણ ખુદાના પ્રેમમાં મસ્ત રહેતા હતા. એમ તેમની આ

પુસ્તકમાં આપેલી "બિરેહની કંથા" વાંચવાથી સાફ જણાઈ આવે છે.

તેમના પછી પીર શાહ કાયમદીનબાવા સાહેબ થય. હતા. તેઓ હઝરત બદરૂદીન સાહેબના દીકરા હતા. અને જ્ઞાન પ્રસાદ પણ તેમના હાથેજ મેળવ્યો હતો. આમ ઓલાદ દર ઓલાદ ચાલતી આવેલી ન્યામતમાં પાછળના મહાત્માઓએ વધારોજ કર્યો હતો. આ જીલ્લામાં પીર કાયમદીન બાવાસાહેબના નામથી કોઈ ભાગ્યેજ અજાણ હશે. તેઓ બસો વરસ ઉપર થઇ ગયા છે. તેમણે બનાવેલ "નુરરોશન" નામનું પુસ્તક જોવથી ખાત્રી થાય છે કે બીજા મહાત્માઓએ તેમને "કુતુબ"નો જે મરતબો આપ્યો હતો તે વ્યાજબીજ હતો. તેમણે એકાવન સખસોને જ્ઞાન આપી મહાપદે પહોંચાડયા હતા, જેમાં આગળ જણાવ્યા પ્રમાણે અભરામબાવા પ્રથમ સ્થાન ભોગવતા હતા. અભરામબાવાએ પીરના હુકમને આધીન થઈને ઉમરબાવાને અને પુંજાબાવાને રંગ્યા હતા, એટલુંજ નહીં પણ ભરૂચના તે વખતના કાજી ખાનદાનના હઝરત નબીમીયાંને પણ ન્યામત આપી હતી. નબીમીયા સાહેબનાં પણ ઘણાં કલામ આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે. તે ઉપરાંત આ પુસ્તકમાં જીવણ મસ્તાનનાં કલામ પણ છે. જીવણ મસ્તાન વડોદરા પ્રાંતના ચોરંદા તાલુકાના પાછીયા પરાના રહેવાસી હતા અને રતનબાઈ જેમની વાણી ઘણી

પ્રખ્યાત છે તેમના પિત્રાઇ ભાઈ થતા હતા. તેમને પીર કાયમદીનબાવા સાહેબ તરફથી ન્યામત મળી હતી.

વળી આ પુસ્તકમાં હઝરત બડાસાહેબ ચિશ્તીનાં પણ કેટલાંક કલામ આપવામાં આવ્યાં છે. તેઓ અસલ દીલ્લીના હતા પણ પાછળથી બધે ફરતા ફરતા આ જીલ્લામાં આવ્યા હતા. તેઓ ચિશ્તીયા સંપ્રદાયમાં હઝરત નીઝામુદીન ઔરંગાબાદીના દીકરા હઝરત ફખરૂદીનના હાથથી મુરીદ થયા હતા. તેમનો રોજો અંકલેશ્વર તાલુકાના ખરોડ ગામે છે, અને પાનોલી સ્ટેશનથી દોઢ ગાઉ થાય છે. તેઓ આસરે સવાસો વરસ પહેલાં થઈ ગયા છે.

ભગત સુલેમાન મહુમદ આદમ જેમનાં કેટલાંક ભજન આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે તેઓ જંબુસર તાલુકાના ગામ સારોદના રહેવાશી હતા અને પાછળથી તેઓ વડોદરા પાસે અકોટા ગામે આવી રહ્યા હતા. તેમણે આ કલામ હાલની માંગરોલની ગાદીના પીર મોટામીયાં સાહેબના પિતા પીર કાયમદીનબાવા મોટામીયા સાહેબ, જેઓ આસરે આઠ નવ વરસ ઉપર આ દુનીયાથી ઉઠી ગયા છે, તેમના વિષે કહેલાં છે. આ સુલેમાન ભગત ઘણી વખત એ પીર સાહેબ સાથે મુરીદોમાં ફરતા હતા અને ઘણો ખરો વખત તેમના સમાગમમાં ગાળતા હતા. એ પીર કાયમદીન સાહેબની તુરબત

માંગરોળમાં પીર મોટામીયાં સાહેબના રોજામાં છે. સુલેમાન ભગતે આ કલામ ખોલવડ ગામમાં સંવત ૧૯૪૪ની સાલમાં શ્રાવણ વદ ૭ના રોજ બનાવ્યાં છે.

અમોએ એકલબારાવાળા પીર કાયમદીન બાવા સાહેબના સેવક અભરામબાવા તથા પુંજાબાવા તથા રતન બાઈનાં કભામ-ભજન છપાવી બ્હાર પાડયાં છે, અને હજુ બીજા મહાત્માઓનાં કલામ સંગ્રહ કરવાનું કામ જારી છે. ઘણા મહાત્માઓનાં જુનાં કલામ માંગરોલની ગાદીવાળા પીર સાહેબ પાસે હોવાનું જણાય છે. જો એ કલામ અમને પુરે પુરા મળશે તો અમે બ્હાર પાડી શુ અને તેથી જુના સાહિત્યમાં ઘણો ઉમેરો થશે.


ભરૂચ અને સુરત જીલ્લાને પીર કાયમદીન બાવા સાહેબ અને તેમના ખાનદાનથી એટલો બધો ફાયદો થયો છે કે જેનું વર્ણન કરવું મુશ્કેલ છે. એ પીરસાહેબના પ્રતાપથીજ ત્યાંના હાલના વહોરાઓના હાથમમાં જ્ઞાન આવેલું કહેવાય છે. પરીએજ, ઈખર, વલણ વિગેરે ગામો આ બાબતની સાક્ષી પુર્યા વગર રહેશે નહીં. પીર કાયમદીન બાવા સાહેબની દરગાહ વડોદરા પ્રાંતના પાદરા તાલુકાના એકલબારા ગામે છે. પાદરા ડભોઈ લાઈનનું એક સ્ટેનશન છે. ત્યાંથી એકલબારા બે ગાઉ થાય છે. હાલ એ

દરગાહનો વહીવટ માંગરોળની ગાદીવાળા પીર મોટામીયાંસાહેબ કરે છે. આ પીર સાહેબનું બીજુ નામ “ મતાઉદ્દીન ” છે જે કડી શહેરનું કાજીપણાનું કામ સોંપતી વખતે રાખવામાં આવેલું છે. એકલબારે બાર મહીને આસો સુદ પુનમના રોજ ભારે મેળો ભરાય છે.

આ ભજન સંગ્રહમાં આપેલા ભજનો ઘણાં ખરાં જુની ગુજરાતી લીપીમાં લખેલાં હતાં જેમાં કેટલેક ઠેકાણે સુધારો કરી શુદ્ધ કરેલ છે.

તા૦ ૧૭-૧૨-૧૫ શુક્રવાર
મુ૦ વડોદરા
રે૦ રાજગુરૂની પોળ.

પ્રકાશક,
જમાદાર બચ્ચુમીયાં ભગત.



પીર કાયમદ્દીન બાવાનાં કલામ.

પીર કાયમદ્દીન બાવા સાહેબનાં કલામ-ભજનનો સંગ્રહ કરી છપાવી બહાર પાડવાનું કામ અમારા તરફથી ચાલુ છે અને આશા છે કે હવે એ કલામ ટુંક મુદતમાં છપાઇ બહાર પડશે. પીર કાયમદ્દીન બાવા સાહેબની વાણી જેમણે સાંભળી છે તેઓ સારી રીતે જાણે છે કે એવી વાણી બીજા કોઇની ભાગ્યેજ હશે. એ વાણી એવી છે કે જેની સારા સારા જ્ઞાનીઓએ પણ સીધી રીતે કે આડકતરી રીતે મદદ લીધેલી જણાય છે. તેમનું રચિત "નુર રોશન" નામનું પુસ્તક જેમણે જોયું છે તેઓ સારી રીતે જાણે છે કે તેમાં કેવું જ્ઞાન સમાયલું છે. તેની તારીફ કરવી એ સોના ઉપર ઢોળ ચઢાવવા બરાબર છે.

પ્રકાશક

જમાદાર બચ્ચુમીયાં ભગત.

વડોદરાવાળા.

૭૮૬.

શેનકે—ફરીદી

ઉર્ફે

ભજન સંગ્રહ.

હઝરત શેખ ફરીદ સાહેબની ચોસર.

શાખી.

ફરીદા રોટી તેરી કાઠકી, લાવણુ તેરા ભુખ;
જે ખાયે ચોપડેલીઆં, વોહ પાવેંગે દુઃખ.

(૦)

સુન સુન બાતાં પ્રેમકી, બનજારે મીંતા;
બણુજ સવેરા કીજીયે, કછુ ચલનેકી ચીંતા. સુન. ટેક.
જો તું આઇ બણુજકો, પ્યારે બણુજહી કીજે;
પુંજી લીની શાહુકી, વાકું નિત ઉઠ ચીજે. સુન સુન. ૧
સબહી સખી બોલાયકે, પીયા ચોસર ખેલો;
મેં જો આઈ યહાં ખેલને, વાકો ખેલ હે દોહેલો. સુન. ૨
પાસા જો ખેલું સાર સખી, અપને પીયાજી સેતી;
મત હી સૈયાં મેરી બાવરી, બાજી મેરી જો રહેતી. સુન. ૩
બાર માંગું ને નવ પડે, કેતા કરૂં રે પુકારા;

નરદ હમારી કચ્ચી હે, ઘર દુર હમારા. સુન સુન. ૪
ઘર ઘર પીયા જુગ હો રહ્યો, કીસ્સે નરદ ચલાવું;
મેં પુટી સંગ હો મીલું, બાજી કેસી મેં પાઉં. સુન સુન. ૫
લાખ જતનકી એક નરદ હે, ઘર આઇ ભૂલી ભટકી;
કરમ હમારા હીણુ હે, બાજી પો બીન અટકી. સુન સુન. ૬
છકકે પંજે સે નરદ બચે, ઉસ્સે કયા કુછ કીજે;
ઈસ રે બાજી કે કારણે, સીસ અપના હી દીજે. સુન સુન. ૭
સબ સખી ખેલનહાર હે, એક હમ હી અંજાની;
ઇસ રે બાજી કે ખેલકી, મેને ખબર ન જાની. સુન સુન. ૮
ચોસર શેખ ફરીદ કી; સીર આંખો સેતી;
બલ જાઉં કુતબુદ્દીન પર, જીન્ને કાયમ રાખી. સુન સુન. ૯

જનાબ પીર શાહ બદરૂદીન સાહેબ રચિત બિરેહની કંથા.

બિરેહ કી કંથા કહી ન જાવે; સજન કી બતીયાં દીલું મેં રખીયાં;
દરદ દુ:ખીકા સુખી ન જાને; તુમહી હો સખીયાં હો સુખકી રચીયાં. ટેક.
મેરે દરદ કો ન તુમ પીછાનો; દરદકી લજ્જતકો તુમ ન જાનો;

જો કુછ કહું મેં સો તુમ ન માનો; તુમહી હો સખીયાં
હો સુખકી રચીયાં. બિરેહ. ૧

બિરેહ મરમ કો ન કોઇ બતાયા; જીનુંને પાયા ઉને છુપાયા;
યે ઘટકે ઘટમેં બસે સુરીજન; કહાંસે દેખે બિગેર
અખીયાં. બિરેહ. ૨

બિના મોહબ્બત મોહીબ ન પાવે; બગેર કાંટે ન ગુલ દીખાવે.
કે દુઃખ બિના સુખ કભી ન પાવે; અગન બિરેહકી સીનેમેં
પુંકીયાં. બિરેહ. ૩

બિરેહકી માટી અજલકે દીનકી; અલસ્તકી જબ નિંદા સુનાઈ;
યે જીવ તન મનકો કરકે કુરબાં; પડે દોબારા સજનકી પૈયાં.
બિરેહ. ૪

કહે વો ચંચલ સજન હઠીલા; બયક નિગાહ મુજ તરફ
તો દેખો;
કહીં હે જોગન કહીં બેરાગન; દરસકે કારન હજાર જનીયાં.
બિરેહ. ૫

કહીંને તન પર ભસમ ચડાયા; કહીંને જુન્નાર ગલેમેં બાયા,
કહીંને માલાકો લે ફીરાયા; પીયાકો ઢુંડે સો ગલીયું ગલીયાં;
બિરેહ. ૬

કહીં તો તીરથકો જાવે કાશી; કહીં બનારસ કે હેં ઉદાસી;
સનમ ! યહાં હે કહાં તું જાસી; ફીરે ભટકતી સો ભુલી
પડીયાં. બિરેહ. ૭

કહીંતો હુંડે પીયાકો જાહિલ; તવાફ કાબે કો જાવે ગાફિલ;
હે દિલમેં કાબા મુરાદ હાંસિલ, સજન બસે દર દિવાર
છતીયાં. બિરેહ. ૮

મકાં સજનકા સો લામકાં હે; ન ઠામ ઉસકા જમીં જમાં હે;
ઉસીકો હુંડે સમાજ મહાં હે; કે જબ અપસકી ખુદી કો
તજીયાં. બિરેહ. ૯

ખુદી તજે બિન ન ખુદ દીખાવે; અપસકો ભૂલે તો ઉસકો પાવે;
પિરમ ગલીકા ન અંત આવે; હે સખ્ત મુશકિલ બિરેહકી
ઘટીયાં. બિરેહ. ૧૦

હવાસ ખમસા કો દેકે તાલા; દીલુંકી ખીલવત ફીરાવે માલા;
જો નુર વેહદતકા હો ઉજાલા; છુપા રતન તબ સો પાવે
સખીયાં. બિરેહ. ૧૧

યે સુન હમારી પિરમ કહાની; અંજાનીયાં મુજ કહે દીવાની;
દીલુંકી ભેદન કીસુ ન જાની; અકલકી ફોજાં ઈશકસે હઠીયાં.
બિરેહ. ૧૨

કયું અકલ જુજવી યે ભેદ પાવે; ઘડે મેં દરિયા સો કયું
સમાવે;
જો બાત લાલનકી ના છુપાવે; મિસાલ મનસુર સુલી ચડીયાં.
બિરેહ. ૧૩

બિરેકા ખંજર જીધર ચલા હે; કે શેર ખું રસ્કે કરબલા હે;
જો જરા હદસે કદમ ટલા હે; તો કુંમ્બે ઇજીની સે
પોસ્ત છીલીયાં. ૧બરેહ. ૧૪
અંજાની સૈયાં જો ખેલને આઇ, સો ઉલટે પાસે સેં
બાજી લાઇ;
ન ખેલ બુજા જનમ ગવાંઇ; યે હાર બાજી બિજલ હો
ચલીયાં. બિરેહ. ૧૫
અંધાપે અંદર જનમ ગંવાયા; હે ઘટમેં દીવા નજર ન આયા;
કુરઆન મેં સાહેબને યું સુનાય; જો યહાં ભી અંધીયાં સો
વહાં ભી અંધીયાં.+ બિરેહ. ૧૬
જીને પીયા યહાં સહી કીયા હે; ઉન્હો કો વાયદા વહાં
દીયા હે;
યહાં નહીં વહાં કહાં પીયા હે; અંજાની સૈયાં દીવાની હુઇયાં.
બિરેહ. ૧૭
યે રમ્જ સુરત બયાન માએની; જમાલે જાના દિસે નિહાની;
યે રમ્જ મખફી ઉન્હોને જાની; ઉરૂજ માઅની સો દિલમેં
બસીયાં. બિ. ૧૮
પિયા કા તાલિબ હે બદરૂદીન; ગર તુજે હે મતલબ સજન
મિલનકી;

+ મન કાના ફી હાઝેહી આમા ફહોવા ફિલઆ
ખરતે આમા એટલે જે અહીં આંધાળા છે તે આકબતમાં પણ
આંધળા રહેશે એવું કુરાન શરીફ ફરમાવે છે.

કુદકી ખીલવતકો દુર કર તું; દુનીકી હિરસો હવા કી
ટટીયાં. બિરેહ. ૧૮

જનાબ બદા સાહેબનાં કલામ.

રાગ આસાવરી.

હમકો જાનત હે નહીં કોઇ, હમ તો સોહી પુરૂષ હે
વોહીરે. હમકો. ટેક.

સત જુગમેં હમ મહાદેવ થાયે, પારવતી હમ લાયે રે;
ગંગાકો હમ જટામેં છુપાયે, તો આક ધતુરા ખાયે રે.
હમકો. ૧

ભાગીરથ ભગવાન બન આએ, કાયા પલટ હમ આયે રે;
ભસ્માસુરકો નાચ નચાયે, તો અચેતન અગ્નીજલાયે રે.
હમકો. ૨

ત્રેતા જુગમેં હમ રામ હો આયે, લંકાપર સેન ચલાયે રે;
સાગર પર હમ પાલ બંધાયે, તો રાવણ માર ગીરાયે રે.
હમકો. ૩

શોધ કારન હનુમાન જો ધાયે, પુંછડે રૂ લપટાયે રે;
આપકી મોંતકો આપ બતાયે, તો લંકા સારી જલાયે રે.
હમકો. ૪

કુંભકરણુ ઉઠો મેરે ભૈયા, સીર પર દુશ્મન આયે રે;
નાકમેં તીર કાનમેં ભુંગલ સુનાયે, તો અચેતન નીંદ સે
જગાયે રે. હમકો. ૫

દુર દુરસેં સંત બુલાયે, લંકાપર રામ ચડાએ રે;
રાવણુ માર દોહાઇ ફીરાયે, વિભિક્ષણુકો તખત બિઠાયે રે.
હમકો. ૬

સહેજે સહેજે હમ દેહી ધર આયે, કંસકો માર હટાયે રે;
બાલ બ્રહ્મચારી હમ થઇ બેઠે, ગોપીયુંકો રાસ રમાયે રે.
હમકો. ૭

દોબારા હમ જોગી બન આયે, ચારૂં ખંડ હમ ધાયે રે;
નામે મેં કછુ ભુલ જો રહે ગઈ, તો બ્હોરે કલીયુગમેં
હમ આયે રે. હમકો. ૮

નામ કબીર ઓર જાત જુલઈયા, ગુરૂજી મીલા રામાનંદા રે,
જાગ મછંદર ગોરખ આયા, હાલ ફકીરી લાયા રે. હમકો. ૯

છે દર્શન ઓર છત્તીસ પાખંડા, સોતો હમારે અંગારે;
બચન હમારા કોઇ ન બુજે, જાણુત કોઇ અડબંગા રે.
હમકો ૧૦

સત જુગ ત્રેતા દ્વાપર ફીર આયે, રાજબંસી પંડીત થાયે રે;
કલજુગમેં હમ જન્મ જો પાયે, ભકતી સંપુર્ણ લાયે રે.
હમકો. ૧૧

ચાર જુગ મીલ હમહી ખેલે, ગેબી ગેબ સમાયે રે;

પગ પાંખ બીન હમ ચલ આયે, તો નામ પદારથ પાયે રે.
હમકો. ૧૨

હસ્તીનાપુરકે હમ હે બાસી. દેહ ઘર લાયે હમ ખાસી રે;
તું મેરા નાથ મેં તેરી દાસી, દાસ બહા કહે અવીનાશી રે.
હમકો. ૧૩

ભજન.

બિન સીયાહીકો અક્ષર પડાવે, પંડીતા સોહી ગ્યાન મન ભાવે. ટેક.

દીનકો સુરજકી તેજીસે ચલના, રાતકો દીવા સુજે રે, બાવા;
એક હરફકે સી-તેર માયને તો, અંધા સાન ના બુજે રે.
પંડીતા. ૧

ચંચલ નારી ઘેરકે પકડું, વિજ્યા રસકું ખાવું રે; બાવા;
અંતર ઘટમેં નેહ લગાવું તો, ઇસ બીધ ઘરકું બસાવું રે.
પંડીતા. ૨

ભાવ ભજનસેં તાર લગાવે, ઉલટા નેત્ર ચડાવે રે; બાવા;
લેહ લગામ હાથુંમેં રાખે, તો ગગનમેં પવન દોડાવે રે.
પંડીતા. ૩

નીચ ઉંચ એ કોઇએ ના દેખે, ચોરકો શાહ બનાવે રે; બાવા;

ગુરૂગમકા વાકો સબદ સુનાવે, તામે મુરત પાવે રે.
પંડીતા. ૪

નેન નેતરીયા ને સુરત રવૈયા, સતકી દોર ફીરાવે રે; બાવા;
છાછ ઓર મસકા જુદા નીકાલે, પ્રેમ અગ્નીસે તાવે રે.
પંડીતા. ૫

પાંચ પચિસકું નીત ઉઠ દેખે, પાન વરખ ઉલટા વેરે રે; બાવા;
જો કોઈ વામે મુંડી ઉઠાવે, ગુરૂ ગમ લકડી લગાવે રે.
પંડીતા. ૬

નાહી ધોઈ કે અસનાન કીના, અંતર મેલ રહ્યા સારા રે; બાવા;
કહો મેરે પંડીતા યે મેલ કયું જાવે, સારા સમુંદર ખારા રે.
પંડીતા. ૭

સમુંદર મેં બુન જતન કર રાખું, કોઇ એક નરકું
દીખાઉં રે; બાવા;
દાસ બડેકી યેહી સમજ હે, બૈરી કે હાથ ના આવું રે.
પંડીતા.

ભજન.

પાવ પલકમે કરે નિહાલ, સમરથ હે;
આરા સતગુરૂ દીન દયાલ, સમરથ હે. ટેક.

જલમાં ડુબંતા પશ્ચિમ દેશ આવે, જાયે વંક નાલથી પાર;
ત્રીગુણ તાપ વ્યાપે નહીરે, નીકલા ભવસે બહાર. મારા. ૧
ઈંગલા પીંગલા સુખમણારે, ભલો બન્યો પરિવાર;
જાપ અજંપા તુંહી તુંહી બોલેરે, નાભી કમલ ઘર બારરે.
મારા સતગુરૂ. ૨
ઘમણ ઘમઘમે શીશ કંપેરે, મેરૂ ડગમગ થાય;
એરે હંસા ચેતન ભયોરે, અગમ દેસમેં જાય.
મારા સતગુરૂ. ૩
નુરી ઘર અવીનાસકારે, કીંગરા ઝલકા ખાય;
દાસ બડા કહે સુનો ભાઈ ગ્યાની; તેજમેં તેજ સમાય.
મારા સતગુરૂ. ૪

ભજન.

રાગ આશાવરી.

ઓસડ ઢુંડી લેજો ભાઇ, તારૂં ઓસડ ઢુંડીલેજો ભાઈ. ટેક.
ભલા ભલા ધનેતર વઈદ કહેવાએ, વિખનું જોર મટાવેરે;
બાવા વિખનું.
સાહેબ નામકી ખબર ના જાણી, તો ઓસડ કહાંસે પાવેરે.
તારૂં ઓસડ. ૧

મોટા મોટા મુનીજન ખાખ લગાવે, ઘરો ઘર અલેખ
જગાવેરે; બાવા ઘરોઘર;
સાહેબ નામ તો રહે ગયા ન્યારા, તો ઓસડ કહાંસે પાવેરે.
તારૂં ઓસડ. ૨
એરે ઓસડ તારા ઘટમાં બીરાજે, બહાર ઢુંડે કહાંસે
પાવેરે; બાવા બહાર;
કહે બ । ગુરૂ જ્ઞાનથી પાવે, અંધા બહાર કહાં જાવેરે.
તારૂં ઓસડ. ૩

ભજન.

સુરતકા રે દીવાના, મેંતો તેરી સુરતકા રે દીવાના,
સુન લે સાહેબ મેરબાના, મેં તો તેરી સુરતકા રે દીવાના. ટેક.
બીન કર માલા જપો બીન જબાંરે, સુરતમેં મુરત
ઠેરાના હાં, રે, હાં, રે, સુરતમેં;
દ્વાદશ ખેલ મેં રખું ઘર ભીંતર, અબ ન છોડું રે નીશાના.
મેંતો. ૧
ઇંગલા ને પીંગલા નાર હમારીરે, ત્રીકુટી નેન નીશાના;
હાં, રે, હાં, રે, ત્રીકુટી નેન;
વરમંડ ફોડી ગઇતી મેદાનમેંરે, વહાં કીયાહે ઠીકાના.
મેંતો. ૨

અપરમપારકા પાર ન પાવે, જાવે કોઈ મરદાના. હાં,
રે, હાં, રે, જાવે કોઈ;
મુવે કે પહેલે મરજાની મનવારે, તબ તુને યાર
પીછાના. મેતો. ૩
જલહલ જલહલ જ્યોત ઝલકતીરે, અનહદ બાજા બજાના;
હાં, રે, હાં, રે, અનહદ;
કહે બડા તુમ સુનીયોરે ગ્યાની, તેજમેં તેજ સમાના.
મે તો. ૪

ભજન.

અંજન એસો આંજીએરે; જામે નિરંજન સુજેરે. બાવા
જામે. ટેક.
જીન્ને આંજા પીયુજીકા અંજન; દો બીચ એકજ સુજેરે.
અંજન. ૧
દેખત દરપન કેરી આરસી; સામી દીદાર ઝલકેરે.
અંજન ૨
એ બાતાં કુછ નહીં મુશ્કતુમેં; આશક સીર દે બુજેરે.
અંજન. ૩
મુવે કે પહેલે મર જાવે; મુવા સોહી નર જાનેરે.
અંજન. ૪

કહે બડા તુમ સુનીયો ગ્યાની; હીરા ઝવેરી કોઇ પરખેરે.
અંજન. ૫

ભજન.

મારાં દેખત મનડાં મોહ્યાંરે હો લાલ, ઉસ લટકાલે સેં. ટેક.
સરખી સાહેલી મારી સુધબુધ બીસરીરે;
પ્રેમ પીયાલો હમને પાયોરે હો લાલ; ઉસ લટકાલેસેં. મારાં. ૧
હરદમ હરદમ તુજકો પુકારૂંરે, હરદમ અલ્લાહ તેરી યાદી,
હો લાલ; ઉસ લટકાલેસેં. મારાં. ૨
સાસુ સસરાની મેંતો લાજ ન રાખીરે, સૈયાં બગલ બીચ
પાયો રે હો લાલ, ઉસ લટકાલેસેં. મારાં. ૩
કહે બડા મોહે રસીયા પ્યારારે, મુરશદે ગ્યાન બતાયો
રે હો લાલ; ઉસ લટકાલેસેં. મારાં. ૪

ભજન.

તેરે મીલનકા મુજે હેરે આધાર, સખી દમ્ યાદરે;
મેરા મૌલા દમ યાદરે, મેરા અલ્લાહ દમ યાદરે. ટેક.
દુર દુર જાના વારી, જીવ તરસાનારે, નેનાંરે હાંહાંરે, નેના

નહીં આવે તેરી સાથરે હો. સખી દમ, મેરા મોલા દમ;
મેરે અલ્લાહ. ૧

દીલકી અંદર પ્યાસ ઘણેરીરે, પ્યાસ બુજાવે,
હરદમરે હો; સખી દમ, મેરા મૌલા દમ, મેરે અલ્લાહ ૨

કહે ખડા માહે રસીયા પ્યારારે, હરદમ બંદા તેરી પાસરે હો,
સખી દમ, મેરે મૌલા દમ, મેરે અલ્લાહ. ૩

ભજન.

પ્રેમમાં નવ પેસો ભાઇ; કોઈ પ્રેમમાં નવ પેસો ભાઈ. ટેક.

પ્રેમકી બાત હે અતિ ન્યારીરે, નુગરે કો ગમ નાહીં;
શીસ જો કાટકે અલગા ધરે, એસા હોય તો પેસો ભાઈ.
પ્રેમમાં. ૧

સુરા હોય વાકો શીસ ન હોવે, ખડગ સામી જાવે;
આગે પીછે તલહુ ન દેખે, એસા હોય તો પેસો ભાઈ.
પ્રેમમાં. ૨

જોગી જુગત જાણે નહીં, ખાલી ઉબ ચલાવે;
કહે ખડા તુમ સુનીયો ગ્યાની, તેજમાં તેજ સમાવે.
પ્રેમમાં. ૩

ભજન.

એલ્લાહુ મેરી ગલીયાં, મઓલા મેરી ગલીયાં આનાં.
છોડા હો નવરંગી કનૈયારે, ટેક.
એહળ નેહળ અણુવટ વીંછવારે, પાએલ બાજે છુમ
છણુણુણુણુ. નવરંગી. ૧
બિંદરાબિનકી કુંજ ગલનમેંરે, મોરલી બાજે રૂમં
રણુણુણુણુ. નવરંગી. ૨
કહે બડા મોહે રસીયા પ્યારા, શબદ ઉઠે માંહી
સણુણુણુણુ. નવરંગી. ૩

ભજન.

રાગ ઉપરનો.

હેરી લીઓ કોઈ હેરી લીઓ, અરે રૂઠડા બાલમ હેરી
લીઓ. કોઇ રૂઠડા. ટેક.
કોઇ બોલાવે વાહલો તો એ ન બોલે, સુતેલો હોય
તો જગાવી લીઓરે. કોઈ રૂઠડા બાલમ. ૧
બિંદરાબીનકી કુંજ ગલનમેં, નીરમલ નીરે તમે નાઈ
લીઓરે. કોઈ રૂઠડા બાલમ. ૨

કહે બહા મોહે રસીયા પ્યારા, ચરન કમલ બલહારી
લીઓરે. કોઈ રૂઠડા બાલમ. ૩

—❀—

ભજન.

રાગ બીલાવલ.

કંથ સલુણા વહાલા કામણગારા, આવોને લાલ હમારારે;
અલ્લાહ. કંથ. ટેક.
હાથ પગેરે મેને મહેંદી લગાઈ, સુંદર સેજ સમારારે.
અલ્લાહ. કંથ. ૧
નાહીરે ધોઇ મેં તો અસનાન કીધાં, ગલે બીચ ગજરા
ડાલારે. અલ્લાહ. કંથ. ૨
ચોરા બી દેખા મેને ચકલા બી દેખા, દેખી હે ગલીયાં સારીરે.
અલ્લાહ. કંથ. ૩
તેરીરે સુરત મેંને કબુએ ન દેખી, ઓર તો લાખ
હજારીરે. અલ્લાહ. કંથ. ૪
નદીયાં બી દેખી મેને નાવ બી દેખી, દેખાહે સમુંદર સારારે.
અલ્લાહ. કંથ. ૫
તેરારે નુર માંહી ભરીયા અપારા, સાંસો સાંસ ઉઠાયારે.
અલ્લાહ. કંથ. ૬

દાસ બડા કહે તારી ભકતી ન છોડું, મીલ મીલ સૈયો
મુજે મારીરે. અલ્લાહ. કંથ. ૭
નબી રે મેહંમદ રસુલ હમારે, જુગો જુગ મુજે તારીરે.
અલ્લાહ. કંથ. ૮

ભજન.

આજ હમે ગયાંતાં રે સાહેબ સભામાં, પોંસલીયે રસ
પીધાંરે, અલ્લાહ;
પીતાં પીતાં પરમ પદ પાયો, ગુરૂએ પીયાલો મને પાયોરે,
અલ્લાહ; આજ. ટેક.
પહેલો પીયાલો મારા ગુરૂજીએ પાયો, બીજે પીયાલો
થઇછું ઘેલીરે, અલ્લાહ;
ત્રીજે પીયાલે મારી સુધ બુધ વીસરી, ઢળી પડી ચોથા
પ્હેલીરે, અલ્લાહ. આજ. ૧
સાહેબ સભામાં અમે જઇ આવ્યા, તીરથ કરીયે ઘટમાંરે,
અલ્લાહ;
જાપ અજંપા તુંહીં તુહીં બોલે, એ ભગતી બહુ ભાવેરે,
અલ્લાહ. આજ. ૨
દાસ બડા કહે તારી ભગતી ન છોડું, મીલમીલ સૈયો મુજે
મારીરે, અલ્લાહ;

નબીરે મહંમદ રસુલ હમારે, બુડતાં મુજને તારીરે,
અલ્લાહ. આજ. ૩

બડા સાહેબે હજરત ખ્વાજા નીજામુદીન ચીસ્તી સાહેબની જનાબમાં કીધેલો એરાધ.

કલામ.

અજમેરીરે, મદત ખ્વાજા મહેર કરો પીયા, મેં બંદી
તેરીરે. ટેક.
નામ લીયા મેને લોકોંકી ચોરીરે, રાખ સકો પીયા શરમીંદગી
મોરીરે; વારે ધાઓ ચરનકી ચેલીરે. અજમેરીરે. ૧
અવઘટ ઘાટ સમજને આઇરે, બેગી આવો સીર પર આઇરે,
તેરે લીએ મેં ચોદસ ગવાઇરે. અજમેરીરે. ૨
જાલ ફસી હે પ્રાંસી કાટોરે, સાચી નારી કર ઘરમેં રાખોરે;
અવગુણ મેરે ખોલ ન નાખોરે. અજમેરીરે. ૩
સબ સખીયોમેં હસી ના કીજીયોરે, અવગુણ મેરે ગુણ
કર લીજીયો રે; તુમ્હી સત્તાર પત રખ લીજીયોરે. અજમેરીરે. ૪

પારસકા ગુણુ દેખા ઈત્તારે, લુહા લગેસે કંચન હોતારે,
ખસ ખડા તો ચરનમેં રહેતારે. અજમેરીરે. ૫

ઉમર બાવાનાં ભજન.

સાથે સંગાથી પાયો; બાઇ મારી સાથે સંગાથી પાયો;
સંગાથો પાયો ને હું તો ખોવાયો, નીરાધારમાં સમાયો.
બાઈ. ટેક.
સોહંમ હંસાને સુરતે રમાડું, નાભીથી બહાર નીકાલું;
નવ નાડીની સંગ નીત ખેલું, એવું છે ધ્યાન હમારૂં.
બાઇ. ૧
છરે ચક્કરને તણ તરવેણીમાં, વીંછુડો જીવ જાણી;
સુન મહેલમાં મખી ગઇ મારી, તાકી તો નહીંરે એધાણી.
બાઇ. ૨
સાત દરવાજાની સાન બતાવું, નવથી તે નવધા નિચારી;
દસમેં દરવાજે જીવ દશા ભૂલી, પંદરમી ઉઘાડી બારી.
બાઈ. ૩
સાત દ્વીપને સુખમણુ બારી, વદેહી વાત હમારી; બાઇ. ૪
પેસી પતાલે કાલીનાગ નાથ્યો, ગોફણુ ગોલોરે મારી. બાઈ.
પંડને છોડી વરભંડ ફોડી; સુરતના સુનમેં જોડી;

દાસ ઉમર પર દયા સતગુરૂની, ભાંગ ચલા અબ ટોલી.
બાઇ. ૫

ભજન.

કાયા ઘડ એસી લીયો મેરે ભાઇ, તોહે ખોલ કહું
સમજાઇ. ટેક.
પાંખ વિના થઇ પહાડ ચડ જાઉં, પગ વિના થઇ ચાલું;
હાથ વિના તો હેરીને મારૂં, આંખ વિના તો ભાળું. કાયા. ૧
સેલાં કાંતીને કરૂં રે સુતર, તેની પામરી વણાવું;
વણુ ચંદેથી ચંદો દેખાડું, વણુ સુરજ અજવાળું. કાયા. ૨
દખણુ દીશાથી દોરી બાંધું, ઉત્તરમાંરે ઉસેટું,
બનમેં ઝુલી બાવાજી બેઠે, તો તેને હું સમેટું. કાયા. ૩
ઘાયલ ઘુમે ને ઘાવ ના દેખે, ખોળનારો ખોવાયો,
દાસ ઉમ્મર પર દયા સતગુરૂની; તો જીવતાં નીશાન
ચડાયો. કાયા. ૪

ગરબો.

સખી પોતાની પરતીજ, પહેલી કરીયે રે;
સખી સ્વપ્ને તજીયે ભોગ, જીવત મરીયે રે. ટેક.

સખી પ્રેમે આવે પાંખ, ઉડી જઈએ રે;
સખી અગમ ઘરની વાત, અમો કહીએ રે. સખી. ૧
સખી નાભી કમળ ઘર મ્હાંય, પ્રેમે ઉછાળોરે;
સખી ચંદો ઝળકે મ્હાંય, હંસ હમારો રે. સખી. ૨
સખી નાભીથી નીચો દેશ, આગળ ચાલો રે;
સખી મછરીયાં તે મ્હાંય, તેને ઝાલો રે. સખી. ૩
સખી વીંછુનો વિકાર, લાગે કારો રે;
સખી નાથ્યો કાળી નાગ, નીશાનો મારી રે. સખી. ૪
સખી સાત દ્વીપની મ્હાંય, અગ્ની લાગે રે;
સખી આગળનો અવતાર, સરવે જાગે રે. સખી. ૫
સખી ઇંગલા પીંગલા સાર, સુખમણ નારી રે;
સખી મન પંખીને બ્હાર, જાય કાઢી રે. સખી. ૬
સખી ચંદ્ર સુરજથી નુર, ઉતરે ન્યારૂં રે;
સખી તરવેણીની મ્હાંય, લાગે પ્યારૂં રે. સખી. ૭
સખી અભય લોધો ગઢ, લાગી દોરી રે,
સખી સુરત સમેટી જાય, વરભંડ ફોડી રે. સખી. ૮
સખી સાત દ્વીપની મ્હાંય, દરવાજા ખુલ્યારે;
સખી દેહ તણા વિકાર, સરવે ભુલ્યા રે. સખી. ૯
સખી રગ રગ બોલે રામ, રટણા લાગી રે;
સખી મખીયા છુટે પંડ, ભરમણા ભાગીરે. સખી. ૧૦
સખી અધર બેઠી આસન, ગગન ગાજે રે;

સખી ચઉદ દરવાજે નિશાન, એક બીરાજે રે, સખી. ૧૧
સખી પંદરમે પ્રગટયું નુર, લાગી દોરી રે;
સખી દાસ ઉમરનું મન, લીધું ઘમઘોરી રે. સખી. ૧૨

ભજન—રેંટુડો.

તમે સુતર કાંતોને સારૂં, સોહંમ મારો રેંટીઓ. ટેક.
ચાર આરા તો ચાર વેદ રે, લેહ લાટનો ઠાઠ;
તારાક તરવેણીમાં હેરીઓ, માંઈ ભમરો ભમે એ વાટ.
સોહંમ.
સાંમી ગિનાનથી સાલવોને, એસણી નાભી નામ;
મોભેથી મરમ મેં જાણીઓ, દમ સુતર ફેર્યાનું છે કામ.
સોહંમ. ૨
થડ થાંભલીઓના મરમ છે રે, મનનો મેલ ના તું ધોઇ;
તેને અણી ઉપર આણુતાં, સામી સુરતા સુથારણ જોઈ.
સોહંમ. ૩
માકડી મનના પરેમની રે, અખંડ રહે એ જાત;
ભીમરી ભેદ ના જાણીઓ, એમ રેણી તે રંગની સાથ.
સોહંમ. ૪
તણુ તોરંણીઆમાં તોલીઓરે, ચેત ચમરખાં પરોઈ:

જેમ જાતને ઝીંકીએ, એમ પુણીમાં પરાણ પરોઇ. સોહંમ.૫
દમના દામણ બાંધીઆ, છુટા છતરીસે ઘાટ;
આનંદ આરામાં આળખો, માંહી બેઠી સોહાગણ પાટ.
સોહંમ. ૬
ઢીંગલીઓ બે ઢાંકીઓ, આંખ ઉઘાડીને જોઇ;
માથું ખોઈ અંમર થઆ, ગુરૂ અભરામના ઉમર સોઇ.
સોહંમ ૭

ભજન

પ્રાણ પીયાસે પરોયો, બાઈ મારો પ્રાણ પીઆસે પરોયો. ટેક.
પ્રાણ પરોયોને નેહ બંધાયો, બીજમાં વરખ સમાયો.
બાઈ. ૧
સુરતકી સીંગી ને સબદકો ટેકો, મન તો ભોગીને પ્રેમ
એકો. બાઈ. ૨
તીરથ પોતે ને કાશી લાવે છાપો, ભટકી મુઓ ને નહીં
ખોયો આપો. બાઈ. ૩
નીરનજન નીહાળીને વસ નહીં કીધો, લેઇ છરીને ખુન
કીધો. બાઈ. ૪
દેહ કંતાતી ને દેહ પર જોતી, દો બીચ એક ન સમાતી.
બાઈ. ૫

તરવેણી તારનેં વહે જણુકરો, દાસ ઉમર કહે નામ સમારો.
આઇ. ૬

ભજન

રહેણીમાં એક સાહેબ સુજે, નુકતે સાંઇ નિવાજે. ટેક.
કર્યાં કરમ ભોગવવાં પડશે, કરમ કરી બંધાયા;
વસ્તુ રૂપ પર વારી જાઉં, પહેલું રૂપ છે કાયા રે.
રહેણીમાં. ૧
ઢાંગ કરીને ધુતી ખાતા, સુખે સુવા કાજે;
પોતાનું મન જીત્યા વિના, સાહેબ ક્યાંથી રાચે રે.
રહેણીમાં. ૨
રહેણીનો રંગ માતો કહીયે, તરવેણીમાં તારે;
દાસ ઉમ્મર પર દયા સતગુરૂની, નુર નજરે ભાળે રે.
રહેણીમાં ૩

ભજન.

ચાલો સૈયો જઇએ ચાકરી, પીયુ પટો રે લખાવું;
અપને રાજાજીકું ઘેરીયો, ઉસે ઢુંડકે લાવું. ટેક.
ધ્યાનકા ઘોડારે કીજીયે, હાથમેં નામી ભાલો;

ખાંડા ધાર પર ખેલવું, સતની રાખી છે ઢાલો. ચાલો. ૧
જ્ઞાનનો ગોળો મેં ઘાલીયો, સો તો કોણુ બિધ મારૂં;
સતગુરૂ કેરી મહેરસું, શબ્દે પાતાલ ફાડું. ચ.લો. ૨
અપને રાજાજી પર ચોકીયાં, સો તો કયું બહાર આવે;
દાણુ સો માંગે મન ભરી, એતો કહીંસે ભી લાવે. ચાલો. ૩
એકી ધ્યાન એકી સાહેબા, એકી સુરતા ઠરાઈ;
નુર નબીના તેજમાં, મનવો દીયોરે ઝુકાઇ. ચાલો. ૪
ઉમર કહે મને ભાસીયો, સૌમાં છે રચનારો;
ઘટ ઘટમાં સાંયાં રમ રહ્યો, રમે સુરીજનહારો. ચાલો. ૫

ભજન.

લવાર તારી લીંગનમેં ગલ જાઉં, ત્યાં પ્રેમને તાપે બળી
જાઉં. ટેક.

ઘાટમાં ઘાટ ઘડી તું થાકયો, સાચા સતગુરૂ સેવો;
જેમ કીંકરને ખરાનો ખીલો, અનસેનો ઘણુ ઉપર દેવો.
લવાર. ૧

કરણી કર્મને કોરે બેસાડું, બધાને સાથે તારૂં;
એકી સાંકળે સર્વે બાંધુ, ત્રણુ ભુવનથી ઉગારૂં. લવાર. ૨
આપાનું પડ અંતરથી કાઢયું, ને કરમનું કુડુ બાળ્યું;

સતના પાણીમાં સર્વેને બોળું, તો ધમણુમાં ધ્યાન હમારૂં.
લવાર. ૩
રેતરડું ટાઢું રંગ ચડાવું, રૂપ રહેણીનું લાવું;
દાસ ઉમર પર દયા સતગુરૂની, તો જમથી હાર ના ખાઉં.
લવાર. ૪

ભજન.

સોઈ તારો સાચો કસબ શીખી લેની, તારા કપટમાં
કાતર દેની. સોઈ. ટેક.
ગજરે ગુરૂની ગતીરે બતાવું, સુરતા સોય મન દોરો રે;
મનનો ધાગો પ્રેમે પરોવો, તો સતની બાંધો લ્યોને કોરો.
સોઈ. ૧
અક્કલ અંગુઠી ને આધી ફંગોટી, કથણીનો કોલ તે કાચોરે,
મન સુરતમાંથી જે કોઈ બતાવે, તે સતગુરૂ કહીયે
સાચો. સોઈ. ૨
આપણા કપટને અંતરથી વેતરીયું, સુરત સોઈ મને ભાવેરે,
એ મોહન કોઈ મુજને બતાવે, કે વૈકુંઠમાં ઓળાવે.
સોઈ. ૩
અંગ અંગુઠીમાં સાહેબ બેઠો, પથ્થર પુજે તે પાજીરે;

મન મક્કામાં હજ નહીં કીધી, તો ભુલ્યા છે મુલ્લાં
ને કાજી. સોઈ. ૩
જ્ઞાન કોથળીયે ને ભાવની ભુંગળીયે, પ્રીતે પીયુજી પાયોરે;
દાસ ઉમ્મર પર દયા સતગુરૂની, તો જીવમાં શીવ
સમાયો. સોઈ. ૪

ભજન.

ચલ જાની રે, કદર ના જાની રે, કદર ના જાની રે. ટેક.
ઉંડા ઉંડા કુવા ટીપા ભર પાની, ડુબ મુઆ અભીમાની.
ચલ જાની. ૧
મકનાસા હાથી વારી જરદ અંબાડી, અંકુસ દઇ દઇ
ધરાની. ચલ જાની. ૨
પુલમેં બાસ બાસ મેં પુલ, અકલ હુઇ હેરાની. ચલ જાની. ૩
દાસ ઉમર કહે સુનો ભાઈ ગ્યાની, શબ્દમેં સુરત સમાની.
ચલ જાની. ૩

ભજન.

કાચું વાસણ કરડો તાપ, જાળવજો તડકાશે;
સંત જનો નાશીરે બેઠા, બીજા સૌ કુટાશે રે. કાચું. ટેક.

ઢીલાં પોચાં ઢળી પડે ને, નીંભાડે સિંચાશે;
ખરાં ખોટાં વગાડી લેશે, ખોખરીયાં અફળાશે રે. કાચું. ૧
કડવામાં તો કાળીંગા, અંતરથી ઓળખાશે;
લપટો પગને લાગ નહીં તે, મારગમાં કુટાસે રે કાચું. ૨
મારગે જાતાં મહા મણીધર, માથે ખાંપણ ધરીયું;
માછલું પીછતો પેખે નહીં, વામે ત્યારે ગળીયું રે. કાચું. ૩
ચોર ગમે તો ચોખ્ખું બોલે, ચોટામાં ખએડાશે;
ઉંઘે તેથી આળગો ખસની, બાઝેથી વેરાશે રે. કાચું. ૪
કુવે ચડયા પણ કાંણું વાંસણુ, ભરતાં તે કેમ ફાવેરે;
દાસ ઉમ્મર પર દયા સતગુરૂની, રૂઠા પીયા મનાવે રે કાચું. ૫

ભજન.

પરોઇ લે રે મન મોતીડાંની માળા, પરોઇ લે રે મન
મોતીડાંની માળા. ટેક.
ત્રણુસે સાઠ હીરેકી રે માળા, બાવન કડીયે સમોઇલે રે.
મન મોતીડાંની માળા. ૧
પાંચ પચીસ લડનકી હે માળા, તીનરે ધાગે પરોઇ લે રે;
મન મોતીડાંની માળા. ૨
બ્હોત જતનસે માલારે પાઈ, બીન ભજન મત ખોઇ લે રે;
મન મોતીડાંની માળા. ૩

દાસ ઉમ્મર કહે સુનો ભાઈ ગ્યાની, શબ્દમેં સુરતા પરોઈ લે રે;
મન મોતીડાંની માળા. ૪

નબી મીયાંનાં ભજન.

(અંજન એસો—એ રાગ.)

સમરન એસો કીજીયેરે; જામે દેહી શુધ જાવે રે;
બેસુધ હોકર આપકો દેખે, સુરતા ગગન ચડાવે રે. ટેક.
મુજ નેનનસેં સુરતા નીકસી, સુનસુખ આપ દિખાવે રે;
આસપાસ સબ નુર ઉડતહે, રૂમેરૂમ હલાવે રે. સમરન. ૧
ડોલે મેરૂ પ્રેમ ઝડાઝડ, નુરત ઉછાલે ખાવે રે;
સબ નાડી મીલ મંગલ ગાવે, બંકનાલ ચડ જાવે રે.
સમરન. ૨
તીનોં ઘરસેં છુટે બંધન, સુખમણુ કે ઘર આવે રે;
ચાર કોસ ચડ દેખા ગગનમેં, અનહદ નાદ સુનાવે રે.
સમરન. ૩
સો સુરત કે આગે પીછે, સુનહી આપ કહાવે રે;
વો સુરત હે સતગુરૂ જેસી, તામેં સુરત સમાવે રે. સમરન. ૪
સો સુરત કે પાર અજાયબ, નીરાકાર દીખાવે રે;
સો અલેક તો અપરંપાર હે, વો ન આવે જાવે રે. સમરન. ૫

ચૌદ્દા તબકમેં નુર નીરંજન, તાકા થાગ ના આવે રે;
ઓરલા ઘંટ તો માંહીં રે બાજે, બિન કર બાજા બજાવે રે.
સમરન. ૬
ચાર ખુંટ ઓર સાત દ્વીપમેં, આપહી ખેલ ખેલાવે રે;
બાહેર ભીંતર હરદમ નીરખું, અંગસે અંગ મીલાવે રે.
સમરન, ૭
દરસન દેખ સુરત ઘર આઇ, સાચા સંત કહાવે રે;
દાસ નબી અટલ દરસનમેં, નુરમેં નુર સમાવે રે સમરન, ૮

ભજન.

તેરી સુન ગગનમેં ફેરી, સતો ભાઇ, સુરતે જુવોને હેરી. ટેક.
પરથમ મૂળ કમળથી ચાલે, બંકનાલ ગઢ ઘેરી રે, જી રે જી;
હોત ગરજના મેરૂ ગરજે, ભૂલી શુદ્ધ તનકેરી. સતો ભાઈ. ૧
ઇંગલા પીંગલા સુખમણુ નાડી, ફીરે શુકલ બહોતેરીરે, જીરેજી;
મહા સુનમે બાસ બસત હે, પાયા નીરંજન ડેરી.
સંતો ભાઈ. ૨
વોહ ડેરીમેં આતમ ખેલે, ઝલકે નુર ચોફેરી રે જી રે જી;
નીરાકારકી નીરખી મુરત, ખબર પડી તનકેરી. સંતો ભાઈ. ૩
અલેક તો અગમ જઈ મહાલે, મીટ ગઇ નેન અંધેરીરે, જીરેજી;
દાસ નબીકો દ્રવ્ય બતાયો, નીરખે સાંજ સવેરી. સંતોભાઈ. ૪

ભજન.

જબ છોડે તેરી તન તલબકું, સત ભજના એક રબકું. ટેક.
નાભી કમલસે નેહા લગા કર, પકડોને સોહંમ શબ્દકું,
રે, જી, રે, જી;
તરવેણીસે ચડે ચાર કોશ, લેઇ સતગુરૂના શબ્દકું.
સંતો ભાઇ સત ભજના. ૧
ઇંગલા પીંગલા સુખમણ નાડી, ચંદ્ર સુરજ કે ઘરકું રે,
જી, રે, જી;
જલહલ જોત જલે જલ ભીંતર, ધન મુરશદ કે શબ્દકું.
સંતો ભાઇ સત ભજના. ૨
નવ ખંડમેં નેહા લગા કર, ભુલ જાઓ એહી ઘરકું રે,
જી, રે, જી;
સાત દ્વીપસેં બાંધો સજના, તબ પાવે મતલબકું.
સંતો ભાઇ સત ભજના. ૩
સતગુરૂ સાહેબ સાચે પીર, મારે જીવ જંતનકું રે,
જી, રે, જી;
દાસ નબી એમ કહે પોકારી, સહેજ શબ્દ આતનકું.
સંતો ભાઇ સત ભજના. ૪

ભજન.

રાગ આસાવરી.

કારીગર એસી પકડો કમાના, જાકો તીર લગે આસમાના.
કારીગર. ટેક.

ચેત ચેતામણી ને રહેણી રોકન, પ્રેમકી પણછ ચડાવો રે;
ચેતન ચલ્લા ખેંચકર બાંધો, સુરતકો તીર ચલાવો.
કારીગર. ૧

પાંચ પચીસકો પકડ બંધ કરના, પાંઉમે જડોરે જંજીરરે;
ચોરી છોડી શાહુકારી લીયે, તબ લાગે ગગનમેં તીર.
કારીગર. ૨

સતગુરૂ સાહેબે ભેદ બતાયો, ખેંચ ચડાઇ કમાનરે;
સુનમુખ તાકીને તીર ચલાયો, તો જઇ લાગ્યો રે નીશાન.
કારીગર. ૩

પરિબ્રહ્મ કે પાર બ્રહ્મ હે, જહાં અધર પકડા ઠોર;
દાસ નબીને ગુરૂ અભરામ મળીયા, તો લાગી અગમ
ગઢ દોર. કારીગર. ૪

ભજન.

તુમારી દરગાહમેં ફરીયાદ હમારી, મારી ભીડ ભાગો
મોરારીરે. ટેક.

હું તો તમારે ચરણે આવ્યો, સુણ હઠીલા મારા શ્યામ;
અવગુણ હમારા તમે નવ જુઓ, નીશદીનના વીશરામ.
તુમારી. ૧

હું તમોને શું કહું વહાલા, તમો પર મારો પ્રાણ;
તમો પર હું વારૂં ને ગોળું, એટલી ન કરો મુજ પર
તાણ. તુમારી. ૨

દાસ નબીને ગુરૂ અભરામ મળીઆ, શાહ કાયમદીન
ચિશ્તી પીર;
મુજ રંકની ભીડ ભાગો, આવો હમારે મંદીર. તુમારી. ૩

ભજન.

રાગ કાફી

(ધીરા ભગતનો રાહ.)

મરમની માળા રે, બાઇ મારા ઘટમાં ફરી;
રૂવેં રૂવેં બોલેરે, તુંહી સોહંમ સોહંમ હરી; રે જી. ટેક.
મરમના મણકા દમની દોરડી, જપું અજંપા જાપ;
બંકનાળમાં કુરત નીહાળી, મટી ગયા ત્રણે તાપ;
ગંગા ને જમનારે, નીરમળ સબળ ભરી. મરમની. ૧

તરવેણી અને ઇંગલા પીંગલા, દીસે ચંદ્ર અને સુર;
ચાર કોસ ચડ દેખા ગગનમેં, વાજે અનહદ તુર;
બ્રહ્મને લોભાણોરે, નીશાને જઈ નજર ઠરી. મરમની. ૨
અલેખ પુરૂષ સંત અવીનાશી, તે તો કળ્યો નવ જાય;
ગુરૂ અમરામે મહેર કરી, તેના દાસ નથી ગુણ ગાય;
પાણીના સંગે રે, લુણ જોને ગયું રે ગળી. મરમની. ૩

—※—

ભજન.

રાગ કાફી.

ધીરા ભગતનો રાહ.

ભજન કરી લેરે, ભજવની આ છે ઘડી;
મનુષ્ય દેહ પામ્યોરે, જીની લેને પ્રેમની દડી, રેજી. ટેક.
આ અવસર તારો એળે જાસે, શી ગત તારી થાય;
જે આવ્યા તે નિશ્ચય જવાના, ફોગટ ફેરો શું ખાય;
અવગ્યાનીને અંધારૂરે, ભ્રમણામાં રહ્યોરે અડી. ભજન. ૧
ઝટપટ ચેતી જોને તુજમાં, કોણે પુર્યો વાસ;
આ ખળકામાં તે રમે છે, આતમ છે રે અવિનાશ;
તું તેને જોનીરે, બ્રહ્મ રહ્યા છે અડારે અડી. ભજન. ૨

ચંદનની સુગંધ લાગે લીમડું, તે લીમનો ચંદન થાય;
એવા છે સતગુરૂના ચરણ, જેમ ચેળની ભમરી કહેવાય;
દાસ નબી કહે છે રે, ધારણ જઈ ગગન ચડી. ભજન. ૭

—— × ——

ભજન.

રાગ કાફી.

ધીરા ભગતનો રાહ.

સમરથ સ્વામી સેવોરે, તેથી તમારૂં કરમ હણે;
દુઃખ દરદર જાશેરે, તું તો સાચો બ્રહ્મ ભણે, રેજી. ટેક.
ખટ દરશન એમ કહે પોકારી, સાંભળો નર ને નાર;
મુવા પછી તો દરસન થાશે, તમે ઉતરશો ભવપાર;
જગતના ભુલાવેરે, બ્રહ્મા એના વેદને ભણે. સમરથ. ૧
રઘુ વેદમાં સઉ સંસારી, શામ વેદમાં સાદ;
યજુર વેદમાં સઉ સત સીયાણા, અથર્વમાં સત અબાદ;
કહેણ મારૂં માનોરે, સહેબ તો છે તારીરે કને. સમરથ. ૨
વેદ વચનને સઉ કોઈ માને, અથર્વ ન ચીને કોઈ;
કરોળીઓ જેમ જાળમાં પડયો છે, પોતે ગયો જીવ ખોઈ;
દાસ નબી કહે છે રે, જગત સૌ દુર ગણે. સમરથ. ૩

ભજન.

રાગ કાફી.

ધીરા ભગતનો રાહ.

માન શીખામણ માહરી રે, એ તો છે માન્યા સરખી;
તે માટે હું કહું છું રે, દીદાર દીલે લો નરખી, રે જી. ટેક.
શા માટે તું કરે વાયદો, મનખા દેહી છે સાર;
આ અવસર તારો એળે જાશે, નહીં આવે તારો પરા;
ફેરો ફરીને મરશો રે, ચોરાસીની ચડે ચરખી. માન્ય. ૧
આ અવસ્થા તારી ઈંદર જેવી, નીત નીત ધરે શરીર;
તે માટે રાખો નિવૃતી, સેવોને સતગુરૂ પીર;
ઉપદેશ લેજો રે, સતગુરૂનો હૈયે હરખી. માન્ય. ૨
આદે અંતે એક જોયા; પુરણ પુરૂષ અખંડ;
દાસ નથીએ પરગટ નીરખ્યા, ભુલી સુધીયા પંડ;
અગમ ઘર લીધું રે, ગુરૂ ગમથી પરખી. માન્ય. ૩

ભજન.

રાગ કાફી.

ધીરા ભગતનો રાહ.

રામ ને રંગલો રે, ઘટ ઘટમાં બોલે;
ન્યારો અને ભેળો રે, કોઇ નહીં એની તોલે; રે જી. ટેક.

તરવેણીમાં તખત છે એનું, રહે નીરંજન રાય;
આંખે ઝરૂખાથી સઉ જગતને, રહયો છે આપ સમાય;
મણીધર થઇને રે, સનમુખ જઈ ડોલે. રામને. ૧
કોણુ ગાય અને કોણુ સાંભળે, કોણુ કરે રે વવેખ;
બ્રહ્મ અપાર સઉમાં ભળે; સોને જુદો જુદો ભેખ;
ઝટપટ જાગો રે, ગુરૂજી અંતર ખોલે. રામને. ૨
આ અવસર તારો ફરી નહીં આવે, જોને સુરી નર દેવ;
દાસ નબીની માન શીખામણુ, હરદમ સતગુરૂ સેવ;
પ્રેમ તણી લહેરે રે, અગમમાં જઇ ઝુલે. રામને. ૩

ભજન.

રાગ કાફી.

ધીરા ભગતનો રાહ.

સંત પુરાની રે, સુન માંહી ધુન લાગી;
નીરંજન નીહાળ્યો રે, ભુલ સર્વે ભાગી; રે જી. ટેક.
લક્ષણુવંતી નાર સોહાગી, તે તો રહી નીરાધાર;
ભરમમાં ભૂલ્યા સૌ વહી ગયું, પામ્યા નહીં કોઈ પાર;
સતગુરૂ મહેરે રે, સુરતા તો સહેજે જાગી. સંત. ૧

નીરમલ નામ નીરંજન જેવું, થર મન ધરીયું ધ્યાન;
સુખમણુ નાડી કરે તુંહી તુંહી, તો છુટે પ્રેમના બાણ;
પરિગ્રહને જોતાં રે, નવધા તો ત્યાં ત્યાગી. સંત ૨
લીંગ વાસના લેહમાં લાગી, જોતાં સુંદર શામ;
જીવ દશાની આંટી મટી, હવે થયું શીવ નામ;
દાસ નબી કહે છે રે, ચર્ણે ભીક્ષા માંગી. સંત. ૩

ભજન.

એસી પ્રીત મત લગાવ રે સજન, યેહ પ્રીત નીભાવના
બડા કામ હે કઠન. ટેક.
મેરી પ્રીત પીયાસે લાગી હે, મેરી સુરત સોહાગન જાગી હે;
મેરી મનકી કલ્પના સબ ભાગી હે, મેરા પીયુજી મીલે
તો મુજે હોવે અમન. યેહ. ૧
જીસે લાગી હોય સો જાને રે સખી, જયું મછી કો જલ
બીના આગ લગી;
જયું બીન પાનીસે સેવાલ સુકી, નીત અતીતકે જેસી
ધુની તપન. યેહ. ૨
જલી પ્રીતકી આંચ લગી તનમે, જા ઝુકું જઈ
જમના જલમેં;
જા આસન કીયા ત્રીવેણી મહેલનમે, તબ તો દેખી
મેને નુરકી ફબન. યેહ. ૩

તુને દીદાર દીખાયા પ્યારે કયા છંદસે, પીછું મોરલી
બજાઇ તુને કયા ફંદસે;
ફીર ફીર કહું ઇસ મોહનસે, મેરા મન હર લીનો ઓ રે
સજન. ચેહ. ૪
મુજે દીન દુનીસે કામ નહીં, સુફી કો મઝહબ નામ નહીં;
તેરે દીદારસેં કુછ કામ સહી, નીત સેવક નબીકો દો
દરસન. ચેહ. ૫

ભજન.

જાગરે મન તું કયા સોયા, જુડી બાજી પર કયા મોહ્યા. ટેક.
જગત સ્વપ્ના હે દો દીનકા, તોતા બાસી હે વો બનકા. જા.૧
તોતા જબ પીંજરા છોડે, જંગલમેં દોસ્તી જોડે. જા. ૨
મેના રોવે નામ લે તોતા, પીંજરા રહ્યા ખાકમેં સોના.જા.૩
સપને મેં જા તું કંઇ સોયા, વહાં કંઇ છંદપર મોહ્યા.જા ૪
ખુલી જબ નીંદસે અખીયાં, અસલકી સબ દિખી સખીયાં.જા.૫
માયા અલમસ્ત હે નારી; લોભાયા જગત સંસારી. જા. ૬
ભરમકી જાલ જબ ટુટે, ફાંસા જમકા તબી છુટે. જા. ૭
દુઇ હે નીર આંઝવુંકા, ઠરે ના નીર આંઝઉંકા. જા. ૮
કહે સેવક નબી યું કર, ભરમ ભાગા મીલા સતગર.જા. ૯

જીવણ મસ્તાનનાં ભજન.

કાનુડો કામણગારો રે સાહેલી એ તો—એ રાગ.

ચાલોને બેની જઇએ રે એકલબારે, પીરનો લાવો લઇએ રે.
એકલબારે.
મેદની ત્યાં ભરાએ છે લોકોની એવી, એ તો છે જોવા જેવી રે.
એકલબારે. ૧
માનતો ત્યાં ચડાવે છે લોકો આવીને, ભાવેથી તે લાવીને રે.
એકલબારે. ૨
ગરીબ દુઃખીયારાં પણ ત્યાં બહુ આવે, પીરને તો મનાવે રે.
એકલબારે. ૩
પીર ખુશી થઇને તો દુઃખ મટાડે, આફતો સરવે ટાળે રે.
એકલબારે. ૪
સમરથ પીર એવા છે આપણે માથે, હમેશાં રાખે સાથે રે.
એકલબારે. ૫
કાયમદીન પીર એવા છે સમરથ સ્વામી, જીવણને હૈયે હામી રે.
એકલબારે. ૬

ભજન.

ગગનમેં રે ટકોરો વાજેરે, મુરશદ મારા એકલબારે ગાજેરે.
ગગનમેં. ટેક.

એરો રે રંગ નભી કમળ જાગે, સુરતા મારી જઈ
ગગન લાગે. ગગનમેં, ૧
ધીમ રે ધીમા દસ્મે દ્વારે જાગે, એસોરે ચીની નાદ
માંહી વ ગેરે. ગગનમેં. ૨
મુરશદ બિના કયાંથી કુફર ભાગે, ચીન્યા વિના કયાંથી
અંતર જાગેરે. ગગનમેં. ૩
જીવણ મસ્તાન એમ અરજ માગે, માથે પીર કાયમદીન
ચિસ્તી જાગેરે. ગગનમેં. ૪

——(૦)——

ભજન.

રાગ કાફી.

ધીરા ભગતના પદનો રાગ.

એવા પીર તમે સેવો રે, પહોંચો જેથી પાર તમે;
અહીં ચાખી જુવો મેવો રે, કહીએ વધુ શું રે અમે. ટેક.
જેમ કુંચી વિના તાળું ન ઉઘડે, એમ મુરશદ વિના બ્રહ્મ;
કુંચી વિના જે તાળું ઉઘડે, તેમાં નહીં કાંઇ દમ;
એમ નકકી તમે સમજો રે, મુરશદ વિના ખાલી ભમે. એવા. ૧
સમરથ પીર તમે માથે કરો કે, જેથી આવે ગ્યાન;
અંતર પડદો દુર કરીને, ઉત્તમ આપે દાન;

હુવે કહેવું તમે માનોરે, ચેતી લોને આવે સમે. એવા. ૨
ગુરૂ વિનાના ગોથાં ખાશે, પામે નહીં એ પાર;
જીવતર એમનું ફોકટ જાશે, માથે જમનો ભાર;
અવસર આવ્યો ચેતો રે, કાળ સદા માથે ભમે. એવા. ૩
એકડા વિના સો મીડાં નકામાં, એવો સમજો આ ખેલ;
પીરથી આપણી ગણત્રી થાએ, નહીં તો થાએ ભટકેલ;
ફળ જ્યારે લાગે રે, ડાળી આપો આપ નમે. એવા. ૪
કાયમદીન પીર સમરથ માથે, થયું અમારૂં કામ;
પાપ કુંડથી અમને બચાવ્યા, પહોંચાડયા વૈકુંઠ ધામ;
જીવણુ મસ્તાન કહે છે રે, મુરશદ કરો માથે તમે. એવા. ૫

નથુભાઈનું ભજન.

રાગ માઢ

પાક નામ મહુંમદ મુસ્તુફા મને પ્યારો લાગેજી—એ રાગ.

મારી કિસ્મતે કીધું જોર, મળ્યું મને ચિસ્તી ઘરેણું ખાસ;
મારા મનના મટી ગયા ચોર, મળ્યું મને ચિસ્તી ઘરેણું
ખાસ. ટેક.
ખાજા સાહેબે હિંદમાં આવી, કીધો અજમેર મુકામ;
ચિસ્તી ઘરેણું કાયમ કીધું, રોશન કીધું નામ—મળ્યું મને. ૧

ખાજા કુતબુદ્દીન એમની પાછળ, મોટા થયા સરદાર;
ચિસ્તી નીયામત એમણે લીધી, હજારો ઉતાર્યા પાર.
મળ્યું મને. ૨

બાવા ફરીદ શકરગંજ ચિશ્તી, સર કરી પંજાબ;
મુલ્કો મુલકમાં નામ છે રોશન, આખી આલમ પર દાબ.
મળ્યું મને. ૩

સાબિર સાહેબ એક ખલીફા, બીજા નીજામુદ્દીન;
ઓલીયા એવા ચિસ્તી થઈ ગયા, જુઓ કાયમદીન. મળ્યું. ૪
એમની પાછળ પીર મોટામીયાં, એવા થયા બળવાન;
ચિસ્તીયા ગાદી કાયમ કીધી, માંગરોલને મળ્યું માન.
મળ્યું મને. ૫

ચિસ્તી ઘરેણાંએ હીંદમાં આવી, તોડયું કુફરસ્તાન;
ચિસ્તી મસાલની રોશની ફેલી, દીનનું દીધું દાન. મળ્યું. ૬
બલીહારી એવા ચિસ્તી ઘરેણાંને, ન્યાલ થયા છે મુરીદ;
માથે એવા મુરશદ હોય તો, થાય હમેશાં ઈદ. મળ્યું. ૭
ચિસ્તી ઘરેણાંના ઓલીઆ એવા, પહોંચાડે પલમાં પાર;
પલ્લો જે પકડે એમનો હેતે, તેનું બેડું પાર. મળ્યું. ૮
ચેતવું હોય તો ચેતી લેજો, અવસર ખાલી જાય;
ચિસ્તી નિયામત મળી છે જેને, બેઠા મેવા ખાય. મળ્યું. ૯
કહેવું મારૂં માની લેજો, જુઠું નહીં રે લગાર;
નથુ કહે છે સાચી જાણો, ચિસ્તીની તલવાર. મળ્યું. ૧૦

સુલેમાન ભગતનાં ભજન.

ભજન.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ)

કાયમદીન કાપો રે મન મેવાસને;
જેથી મારા દીલમાં દરશન થાય જો, દુઃખ સૌ નાસે રે દરિયા બેટમાં; ઉલટ મારા અંતરમાં નવ માયજો.કાયમદીન. ટેક.
ઘડી કેમ વિસારૂં વહાલા પ્રીતને, અંતરમાંથી ઘડી નવ થાય દુરજો; સ્નેહી કોઈ સમજે એ પીરની રીતને, દરિયામાં જેમ નીર હોય ભરપુર જો. કાયમદીન. ૧
ઉ-તમ કુળ દીસેરે મુરશદ આપનું, ઉજવળ દીસે તમારૂં નામજો; સંભાળ તો રાખોને સેવક રંકની, ધન ધન વહાલાજી તમારૂં ધામ જો. કાયમદીન. ૨
વખાણુ શું કરીયે રે વાલમ વિઠલા, મુજમાં કાંઇ નથી વહાલ ગ્યાનજો; રહેમ કરો તો રૂદીયા માંહ્ી ખુલસે, સેવકને કંઈ સમજણુ આવે સાનજો. કાયમદીન. ૩
બલહારી જાઉં રે મારા લાલને, સેવકે સોંપ્યો કાયમદીનને હાથજો; દુઃખને જાણી રે દળિદર કાપવા, સુલેમાને સાચી કીધી છે વાતજો. કાયમદીન. ૪

ભજન.

રાગ ગરબી.

(મારા માથે મોહન ગાજે છે. એ રાહ)

મારા . ચિત્તમાં ચેતન થઇ હેલી, પીર કાયમદીન થયા
બેલી. ટેક.

શુદ્ધ બુદ્ધ મારી ગઇ સમૂળી, મોહ માયામેં મુકયાં ઠેલી.
પીર કાયમદીન. ૧

વારી વારી મારા સમરથ સ્વામી. હરખે થઈ છું હું ઘેલી.
પીર કાયમદીન. ૨

પતિવૃના નાર પીયાકી, ચલે પીયા સંગ તે ભેલી.
પીર કાયમદીન. ૩

હરદમ હાજર રહેવે હજુરી, નાખી પ્રેમ ગલે સેલી.
પીર કાયમદીન. ૪

અંત કરી ખોલવડ સુધારી, દુઈ દુશ્મન નાંખ્યાં રેલી.
પીર કાયમદીન. ૫

દોરી લગી પીર આપ સંગાથે, ચોદસ આપ રહ્યા ફેલી.
પીર કાયમદીન. ૬

હરદા ભીંતર લાલ બીરાજે, સલેમાન થઇ સાહેલી.
પીર કાયમદીન. ૭

ભજન.

રાગ ધોળ.

(રાચીરે સમજણ બુદ્ધીને ખોટેરી લાગે. એ રાહ)

આજ સખી રે પીર પરગટ દીઠા, કાયમદીન લાગે છે મીઠા
હો સજની. પીર પરગટ દીઠા. ટેક.
જહાં જોઉં તહાં ભરપુર સમાયા, અંતરથી અળગા નવ થાય.
હો સજની. પીર. ૧
જેને મીર પીર તે તો પુરણ કમાયા, અખુટ ભંડાર ભરાયા.
હો સજની પીર. ૨
પાલવ સાહી વહાલે પ્રીત લગાડી, તન મન ધન લુટી લીધાં.
હો સજની. પીર. ૩
સબદ ગુરૂનો આવી સુરતા જગાડી, હેતે અમીરસ પીધાં.
હો સજની. પીર. ૪
ધન ભાયગ પીર સેવક તમારો, સમરણ સાનમાં લગાડો.
હો સજની. પીર. ૫
અપરાધ હોય વહાલા પુરણ હમારો, દયા દ્રષ્ટીથી ઉગારો.
હો સજની. પીર. ૬
સુરતી સાહેલી પીરનું સ્મરણ કરે છે, ધુનમાં ધિયાન લગાવી.
હો સજની. પીર. ૭

લાલનું ધ્યાન સુલેમાન ધરે છે, સેવકને દીધો જગાડી.
હો સજની. પીર. ૮

— ૧૦૮ —

ભજન.

રાગ કાફી.

કરજો કરૂણા ખરી કાયમદીન, કરજો કરૂણા ખરી;
દુતીઓ તે જાય મરી. કાયમદીન કરજો. ટેક.
મહેર કરી મન ડોલતું રાખ્યું, રહું છું દીલથી ડરી.
કાયમદીન, કરજો ૧
પલ પલ સમરૂં પીર તમોને, ધ્યાન ધીરજ ધરી.
કાયમદીન, કરજો. ૨
સંભારતાં પીર સનમુખ દીઠા, પ્રીત પુરવેની કરી.
કાયમદીન, કરજો. ૩
પતિજ પડી તેથી પુરણુ પ્રગટયા, સરીતા સાહેરમાં ભળી.
કાયમદીન, કરજો. ૪
કારજ સીધ્યું જેણે જન્મ સુધાર્યો, દુતીઓ ગઇ છે મરી.
કાયમદીન, કરજો. ૫
સચરાચર વહાલો સઘળે ફરે છે, કોઇ વિરલો લેશે હરી.
કાયમદીન, કરજો. ૬

ધન ભાયગ જેને ગ્યાન ગુરૂનું, એક ચિ-તથી ધ્યાન ધરી.
કાયમદીન, કરજો. ૭
સુલેમાન પીર લાલ તમારો, ગુરૂગમ કુંચી જડી.
કાયમદીન, કરજો ૮

ભજન.

(ધંન અંત્તર દેશ–એ રાહ)

ચિસ્તી ગાદીનું ધામ, માંગરોલ ગામની માંહીં; મોટામીયાં
પીર વસે. ટેક.

જ્ઞાન ધ્યાન તણા છે એ દાતા; આપે ભકતીઅને, વળી
સુખ સાતા; શર્ણે આવે તે, થાય મદમાતા. ચિસ્તી. ૧
દુનિયા ઝુકે છે એમને આવીને; ઘણો ભાવ એમના પર
લાવીને; ગાદી રહ્યા છે એ તો દીપાવીને. ચિસ્તી. ૨
પીર, પેગમ્બર, અલ્લાહુ એકજ છે; પાર ઉતર્યા તે, એવી
જેને ટેકજ છે, રહેણી કહેણીએ ચાલે તે નેકજ છે.
ચિસ્તી. ૩
એ તો શીખવે છે, અલખ અવિનાશી; વળી મટાડે, કાળ
તણી ફાંસી; દાસ બચ્ચુ, એ ચર્ણોની દાસી. ચિસ્તી. ૪

રસુલે–અરબી

ઉર્ફે

[હઝરત મોહંમદ પેગમ્બર સલ્અમ.]

લેખક

માંગરોલની પીરની ગાદીના સજ્જાદાનશીન

પીર મોટામીયાં કાયમુદીનમીયાં સાહેબ.

ઈસ્લામના મહાન સરદાર નબીએકરીમ હઝરત મોહંમદ મુસ્તુફા સલ્અમનું મુબારક વૃતાંત સરળ ભાષામાં આપવામાં આવ્યું છે. એના સબંધમાં મોટા મોટા વિદ્વાનો અને જાહેર પેપરોના સંખ્યાબંધ સારા અભિપ્રાયો મલ્યા છે. દરેક ઈસ્લામી બીરાદરે ખરીદવા અને સંગ્રહ કરવા યોગ્ય છે. કાગળ સારા સોનેરી અક્ષરોવાળું પાકું પુઠું, કીંમત રૂ. ૧–૪–૦

વી૦ પી૦ ખર્ચ ૩ આના જુદું.

આ પુસ્તક મલવાનું ઠેકાણું:–

માસ્તર કાસમભાઈ સુલેમાનભાઈ

અધીપતિ "**વનિતા વિનોદ.**"

મુ. કડી (બરોડા સ્ટેટ)

ઇસ્લામી નીતિ શાસ્ત્ર.

લેખક

પીરજાદા મોટામીયાં કાયમુદીનમીયાં ચિશ્તી

માંગરોલની પીરની ગાદીના સજ્જાદાનશીન અને

કડીના શહેર કાજી.

બીજી કોમના લોકો તરફથી મુસલમાનો માટે મ્લેચ્છ, યવન વિગેરે હલકા શબ્દો વાપરવામાં આવે છે તે કેટલે દરજ્જે વ્યાજબી છે તે દેખાડી આપવા તેમજ ઇસ્લામ તલવારના જોરથી ફેલાયલો છે, એવી ગેરસમજુત કેટલેક ઠેકાણે જોવામાં આવે છે તે દુર કરવા આ પુસ્તકમ પીર સાહેબે ઘણી કોશીશ કરી છે. કી. રૂ. ૦-૧-૦

મગાવાનું ઠેકાણું—

પ્રગટ કર્તા—**માસ્તર કાસમભાઈ સુલેમાનભાઈ**

અધીપતિ 'વનિતા વિનોદ'

મુ૦ કડી—બરોડા સ્ટેટ.